**SSC મુખ્ય પરીક્ષા-2025**

**ગુણચકાસણી/દફતર ચકાસણી**

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/2025/356

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેક્ટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-13/05/2025

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-10 એસ.એસ.સી. મુખ્ય પરીક્ષા-2025 પરીક્ષાની ગુણચકાસણી અને દફતર ચકાસણી કરવા બાબત

માનનીયશ્રી,

ઉપરોક્ત વિષય પરત્વે જય ભારત સહ જણાવવાનું કે, ધોરણ-10 એસ.એસ.સી. મુખ્ય પરીક્ષા-2025 પરીક્ષાના નિયમિત, રીપિટર, ખાનગી અને પૃથક્ ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ **તારીખ 08/05/2025ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે.** પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી અને દફતર ચકાસણીની કાર્યવાહી બોર્ડ કક્ષાએ હાથ ધરવામાં આવતી હોય છે.

**ગુણચકાસણી બાબત :-**

ધોરણ-10 એસ.એસ.સી. મુખ્ય પરીક્ષા-2025ના નિયમિત, રીપિટર, ખાનગી અને પૃથક્ ઉમેદવારનું ધોરણ-10નું ઓનલાઇન પરિણામ તા:-08/05/2025ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે. **આ માટે ઑફલાઇન/રજિ. પોસ્ટ (ટપાલ) કે રૂબરૂ અરજી બોર્ડની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.** ગુણચકાસણીનું ઓનલાઇન રજિસ્ટ્રેશન **તા:-13/05/2025 થી તા:-20/05/2025 સુધી** કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. **ગુણચકાસણીની જરૂરી ફી એક વિષય દીઠ 100/- રૂ. લેખે ઓનલાઇન માધ્યમે ચૂકવણું (પેમેન્ટ) કરવાનું રહેશે.** અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મૂકેલ છે.

**દફતર ચકાસણી બાબત :-**

પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના છ વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં અનુપસ્થિત નોંધવામાં આવ્યો હોય તે અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બીડેલ પરિશિષ્ટ – 9 માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બીડાણ કરી **તા:-08/05/2025 થી તા:-22/05/2025** સુધી બોર્ડની માધ્યમિક શાખામાં **'મદદનીશ સચિવ' માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર** (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ અત્રેની માધ્યમિક

વિભાગના ABC શાખામાં આપવાની રહેશે. **સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં.** દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

સમયમર્યાદામાં બંને કામગીરી થાય તે બાબતની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક
(પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

<u>બિડાણ:-</u>

1. તા:-13/05/2025ની ગુણચકાસણીની અખબારી યાદી
2. પરિશિષ્ટ – 9

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ:-</u>

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
3. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૦(એસ.એસ.સી) અને સંસ્કૃત પ્રથમાનું ફેબ્રુઆરી-માર્ચ- ૨૦૨૫ ની પરીક્ષાનું પરિણામ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **ssc.gseb.org** પર તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન માધ્યમ સિવાય અન્ય કોઇ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહી.

ગુણચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઇન SBI ePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking) દ્વારા અથવા SBI ePay ના SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

તારીખ:-૧૩/૦૫/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

## પરિશિષ્ટ-૭

"ગેરહાજર" દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો

(સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

માધ્યમિક પરીક્ષા વિભાગ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

**વિષય:-** ફેબ્રુઆરી/માર્ચ-2025ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત

શ્રીમાન,

સવિનય હું ફેબ્રુઆરી/માર્ચ-2025ની ધોરણ-10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરું છું. જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ ..................................................................
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. ..................................................................
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ..................................................................
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર ..................................................................
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. ..................................................................
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) ..................................................................
7. ઉમેદવારનું સરનામું ..................................................................
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. ..................................................................
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. ..................................................................

ઇતર નોંધ : ..................................................................

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

ક્રમાંક : ..........................

તારીખ : ..........................

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - .....................

સ્થળ : .................................

તારીખ : .................................

શાળાના વડાની સહી / સિક્કો